# મુખ્યમંત્રી-સચિવોનું પાંચ દિવસ બનાસકાંઠા-પાટણમાં રોકાણ







પાલનપુર, તા. ૩૦ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત બનેલા બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના ખારીયા અને થરાની મુલાકાત લઈ મૃતકોના પરિવારજનો અને અસરગ્રસ્તોને મળી ખબરઅંતર પુછી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી આપત્તિના આ કપરા સમયમાં સરકાર તેમની પડખે હોવાનો વિશ્વાસ આપ્યો હતો. ખારીયા પહોંચીને મુખ્યમંત્રીએ બોટમાં બેસીને પરિસ્થિતીનું નિરીક્ષણ કર્યુ હતું. અસરગ્રસ્તો સાથેની મુલાકાતમાં મુખ્યમંત્રીએ કહ્યું કે છેલ્લા સો વર્ષમાં ન જોયુ હોય તેવુ પૂરતાંડવ બનાસકાંઠામાં આ વર્ષે કમનસીબે આવ્યું હતું. તેમણે કહ્યું કે રાજય સરકારે અગમચેતીનાં પગલાઓ લઈ લોકોને સાવધ કર્યા હતા, તેમજ વિશાળ સંખ્યામાં લોકોનું સ્થળાંતર કરાવ્યું હતું પરિણામે મોટી દૂર્ઘટના નિવારી શકાઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે પૂરની પરિસ્થિતિમાં તાકીદે એન.ડી. આર.એફ., આર્મી, હેલીકોપ્ટરો, વહીવટીતંત્ર વગેરે દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવની કામગીરી શરૂ કરવામાં આવી હતી જેનાથી ૮,૦૦૦ કરતાં વધુ લોકોને બચાવી શકાયા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે અસરગ્રસ્તોને ઝડપથી સહાય આપવા અને જીલ્લામાં પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે હું અને સચિવો ૫ દિવસ બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં રોકાણ કરીશું. તેમણે કહ્યું કે પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂર્વવત પરિસ્થિતિનું નિર્માણ કરવામાં જે ખર્ચ કરવો પડે તે કરવામાં કોઈ કચાશ રખાશે નહિં. તેમણે જણાવ્યું કે ગુજરાતનો સ્વભાવ છે કે આપત્તિનો મક્કમ મુકાબલો કરીને નવસર્જન કરવું. મુખ્યમંત્રીએ કચ્છ જીલ્લામાં આવેલ ભૂકંપનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ભૂકંપથી વિનાશ થયેલ કચ્છ જીલ્લો રાજય સરકારના વિરાટ પ્રયાસોથી અત્યારે વિકાસનું મોડેલ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પૂરગ્રસ્ત વિસ્તારોની ચિંતા કરી સતત માહિતી મેળવી પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે માર્ગદર્શન આપતા રહે છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા હતુ તેના કરતાં સવાયું બનાવવું છે.

સાંસદ લીલાધરભાઈ વાઘેલાએ સરકાર દ્વારા હાથ ધરાયેલ રાહત અને બચાવ કામગીરીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સરકારના આગોતરા આયોજનને લીધે મોટુ નુકસાન નિવારી શકાયું છે. આ પ્રસંગે અગ્રણીઓ સર્વ અણદાભાઈ પટેલ, ભારતસિંહ ભટેસરીયા, સુખદેવસિંહ સોઢા, કલેકટર દિલીપ રાણા, ભુજ રેન્જ આઈ.જી. જાડેજા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, એ.એસ.પી. અક્ષયરાજ મકવાણા, અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.



**મુખ્યમંત્રીની સાથે મંત્રીમંડળના ૧૦ સભ્યો પણ બનાસકાંઠા-પાટણમાં**

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જનજીવન ખૂબ જ ઝડપથી પૂર્વવત કરવા મુખ્ય મંત્રી શ્રી વિજય રૂપાણી આજથી પાંચ દિવસ સુધી પૂરગ્રસ્ત પ્રજાની સાથે રહેવાના છે. તેમની સાથે રાજ્ય મંત્રીમંડળના ૧૦ જેટલા મંત્રીશ્રીઓ પણ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં રોકાઈને રાહત કામગીરીને વધુ વેગવાન બનાવશે. પૂરથી થયેલા નુકશાનનું સર્વેક્ષણ, સફાઈ અને આરોગ્યની બાબતો તથા વળતરની ચુકવણીનું કામ રાજ્ય સરકારની ટોચ અગ્રતા છે. મંત્રીમંડળના સભ્યો અને રાજ્યના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ આ કામગીરીમાં વધુ ઝડપ આવે તેવા પ્રયત્નો કરશે.

## ભિલોડા તાલુકામાં ઝરમર-ઝરમર વરસાદથી થાળે પડતુ જનજીવન

ભિલોડા,તા.૩૦ ભિલોડા તાલુકામાં ઝરમર-ઝરમર વરસાદથી થાળે પડતુ જનજીવન પુનઃધબકતું થયું હતું. ખેડુતો,ખેતમજુરો ખેતીના કામકાજમાં પરોવાયા છે. સાર્વત્રીક વરસાદના કારણે ક્યાંક કહેર તો ક્યાંક મહેરના દશ્યો ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે. મેઘરાજાએ હવે ખમૈયા કરતાં ઝરમર-ઝરમર વરસાદ વચ્ચે રહેણાંક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ઓસરતાં રાહદારીઓએ રાહતનો દમ લીધો હતો. ભિલોડામાં સાર્વત્રીક મેઘમહેર બાદ ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં ભિલોડા ગ્રામ પંચાયત ધ્વારા સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

ભિલોડા તાલુકાના વિવિધ સીમવિસ્તારોમાં ભારે વરસાદ બાદ ખેતરો બેટ બનતાં ધીમે ધીમે વરસાદી પાણી ઓસરતાં ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો.

ઝુંપડપટ્ટીમાં રહેતાં પ્લાસ્ટીકના ઓઢાવાળા છાપરાંમાં વસવાટ કરતાં શ્રમજીવીઓ તેમજ રોજ કમાઈ રોજ ખાવાવાળા લોકોએ પણ રાહત અનુભવી હતી. ભિલોડામાં ભારે વરસાદ બાદ સુમસામ ભાસતા બજારોમાં ઘરાકી ખુલતાં ગ્રાહકોની અવર-જવર વધતાં વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો.

## ધાનેરામાં મુસ્લિમભાઈઓએ કોમી એકતાના દર્શન કરાવ્યા

ધાનેરામાં પૂર પાણી ઓસર્યા બાદ જાણે કોમી એકતા દર્શન થઈ રહ્યા હોય તેમ મુસ્લિમ સમાજના લોકો હિન્દૂભાઈને મદદ કરી ભાઈચારની ભાવના વધારી રહ્યા છે.

છે ત્યારે ત્યારે ધાનેરા માં મુસ્લિમ ભાઈઓ ધ્વારા જાતેજ મસ્જિદ તેમજ મંદિરો ની સફાઈ કરી એક કોમીએકતા ના દર્શન કરાવી રહ્યા છે ધાનેરા માં આવેલા તમામ મંદિર અને મસ્જિદ ની સફાઈ કરતા મુસ્લિમ ભાઈઓ



ધાનેરામાં જળપ્રલયને લઈ સમગ્ર ધાનેરા ગંદકીમાં ગરકાવ થઈ જવા પામ્યું છે અને ધાનેરામાં ભારે રોગચાળો ફેલાવાની શક્યતાઓ સેવાઈ રહી છે લોકો ના ઘરો ની સાથે સાથે પવિત્ર ગણાતા મંદિર અને મસ્જિદ પણ આજે ગંદકી માં ગરકાવ જોવા મળી રહ્યા જણાવી રહ્યા છે હિન્દૂ મિસલીમ ભાઈ છે માત્ર મંદિર અને મસ્જિદ નહિ પણ ધાનેરા ના જાહેર માર્ગો તેમજ ગરીબ લોકો ના ઘર ની પણ આ મુસ્લિમ ભાઈ સફાઈ કરી રહ્યા છે અને લોકો ને મદદ રૂપ બની રહ્યા છે ત્યારે આ જોઈ સરકારે કૈક શીખવાની જરૂર છે.

## હિંમતનગરના પીપલોદીનો કેનાલમાં પડેલ બાળક ૭૨ કલાક બાદ મૃત હાલતમાં કેનાલમાંથી મળ્યો

પ્રાંતિજ તા.૩૦ સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર પીપોલોદી ગામનો બાળક કેનાલ માં પડવાથી તળાયો હતો અને તંત્ર દ્વારા બે દિવસથી શોધખોળ હાથ ધરવામાં આવી હતી જયારે ત્રીજા દિવસે મોટી બોખ માં બોટ મારફતે શોધખોળ હાથ ધરાઈ હતી ત્યારે ૭૨ કલાક બાદ હાજીપુરા કેનાલ માંથી બાળક મૃત હાલતમાં મળી આવ્યો હતો.

હિંમતનગર તાલુકાના પીપલોદી ગામનો ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતો વિરેન્દ્ર તેના પિતાની ધર્મેન્દ્રસિંહ પરમાર સાથે કેનાલ પાસેથી જઈ રહ્યો હતો તે સમયે પણ લપસતા તે કેનાલમાં પડયો હતો અને બુમાબુમ થતાં લોકો દોડી આવ્યાં હતાં અને તંત્ર ને જાણ કરવામાં આવી હતી ત્યારે તંત્ર દ્વારા કેનાલમાં આવતું પાણી બંધ કરાવી શોધખોળ હાથ ધરી હતી અને બે દિવસ બાદ પણ વિરેન્દ્ર મળી ના આવતાં આજે હિંમતનગર ડિઝાસ્ટર ટીમ તથા પ્રાંતિજ ડીઝાસ્ટર ટીમ દ્વારા પ્રાંતિજ મોટી બોખ માં બોટ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી જ્યારે તે સમય દરમ્યાન સાબરડેરી હાજીપુર પાસે આવેલ કેનાલમાંથી ૭૨ કલાક બાદ વિરેન્દ્ર મૃત હાલતમાં મળી આવ્યો હતો ત્યારે જિલ્લા તાલુકા તંત્ર સહિત ડિઝાસ્ટર ધટના બન્યા પછી ખડેપગે શોધ ખોળ હાથધરવામાં હતી.





રાજયમાં વાદળોએ વેરેલા વિષાદના કારણે ખાસ કરીને ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં હજ્જારો નાગરિકો બેઘર થવા સાથે તેમને ખાવાના ફાંફા થઈ જવા પામ્યા છે. કુદરતના કહેરમાંથી તેમને ઉગારવા તંત્ર દ્વારા તો કમર કસવામાં આવી છે પરંતુ અસરગ્રસ્તોના ભૂખ્યા બાળકોનો જઠરાગ્નિ ઠારવા રાજયભરના સેવાભાવિકો આગળ આવ્યા છે. સાબરકાંઠાના પ્રાંતિજ ગામના પટેલ વાસના પાટીદાર બંધુઓએ વસાહતમાં ઘરે ઘરે જઈને અનાજ ઉઘરાવી બનાસકાંઠાના પૂર પિડિતોની મદદ અર્થે મોકલવાનું સદકાર્ય હાથ ધર્યુ હતું.

## ફેસબૂકના માધ્યમથી અમેરીકાથી ૪૦૦ પૂરપિડિત પરીવારોને સહાય

બનાસકાંઠામાં જ્યારે કુદરતે પૂર સ્વરૂપે કહેર વર્તાવ્યું છે ત્યારે યુવાનોમાં સેવાની ભાવના જાગે અને પોતાની શક્તિનો સદુપયોગ કરે એ હેતુથી સદભાવના ગ્રુપ દ્વારા સોશિયલ મીડિયાના સદુપયોગ થકી એક અભિયાન ઉપાડ્યુ છે. યુવાનો ફેસબુક વોટ્સએપને દિવસમાં કલાકોના કલાકો આપતા હોય છે ત્યારે આ સોશિયલ મીડિયાના માધ્યમથી પૂરપીડિતોને સહાય પહોંચાડવાનું કામ યુવાનો દ્વારા ઝડપી થાય એ આશયથી ફેસબુક ટ્વીટર પર અભિયાન ચલાવતા અનેક પરિવારોને સહાય મળી છે.

આ અભિયાનના ભાગરૂપે ફેસબૂક પર અપીલના સમર્થનમાં ગુજરાત અને દેશભરમાંથી ફૂડપેકેટ બનાસકાંઠામાં મોકલાવ્યા. ત્યાર બાદ મૂળ પાલનપુરી અને લેખક એવા સંજય ત્રિવેદીએ આમીરખાનથી માંડી પરેશ રાવલ જેવા નામચીન કલાકારોના બનાસકાંઠાની જનતાને મદદ કરવા લોકોને અપીલ કરતા વિડીયો સંદેશ લેવડાવી સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોમાં ફરતા કર્યા.

ફૂડપેકેટની જરૂરિયાત પૂરના ૭ દિવસ વીત્યા બાદ ઓછી થતા ઉપાડવામાં આવ્યું છે. ત્યારે ફેશબુકના માધ્યમથી આ અપીલના સમર્થનમાં મૂળ પાલનપુરના અને હાલ અમેરિકા સ્થિત પ્રણવ મિસ્ત્રીએ ૪૦૦ પરિવારોને તાડપત્રી રૂપે સીધી



લોકોની તાતી જરૂરિયાત એટલે કે જે લોકો બેઘર થયા છે જેમની છત કુદરતે છીનવી લીધી છે એવા ૧૦૦૦ પરિવારોને છત એટલે કે તાડપત્રી મળી રહે એ માટેનું અભિયાન સદ્ભાવના ગ્રુપ દ્વારા મદદ પાલનપુર સદ્ભાવના ગ્રુપના હરેશ ચૌધરીને મોકલી છે. આગામી દિવસોમાં જિલ્લા ભાજપ યુવા મોર્ચો અને સદભાવના ગ્રુપના સહયોગથી આવા ૧૦૦ પરિવારોને જાતે જઈ તાડપત્રીનું વિતરણ કરવામાં આવશે.

## લાયન્સ ક્લબ મોડાસાના ખડોદા ગામના વરસાદગ્રસ્તો માટે ફૂડ પેકેટ લઈ પહોંચી

મોડાસા, તા. ૩૦ અરવલ્લી જિલ્લામાં સતત છ દિવસ ધોધમાર વરસાદ ખાબકતા જિલ્લા સહીત મોડાસા તાલુકાના ૨૦થી વધુ ગામડાઓ સંપર્ક વિહોણા બની ગયા હતા. મોડાસા તાલુકાના ચાર દિવસથી સંપર્ક વિહોણા બનેલા ખડોદા ગામમાં જીવનજરૂરીયાત ચીજવસ્તુઓ ખૂટી જતા અને વરસાદગ્રસ્ત વિસ્તારમાં શુક્રવારે મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ ભાવેશ જયસ્વાલ, ઝેડ.સી.એફ. પ્રવીણ પરમાર, લા. મનુભાઈ પટેલ, મંત્રી સુરેશ પટેલ ૧૦૦૦ ફૂડ પેકેટ જેમાં સુખડી, થેપલા, મસાલા પુરી, ચેવડો અને બિસ્કીટ વહેંચવામાં આવ્યા હતા. ખડોદા ગામના લોકો લાયન્સ ક્લબ મોડાસાની ટીમની સરાહના કરી હજુ વહીવટીતંત્ર ગામ માટે અસરકારક કામગીરી કરવામાં નિષ્ફળ નીવડ્યું હોવાનો રોષ ઠાલવતા નજરે પડતા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## મોડાસા ન્યૂ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલ ધો-૧૨ની વિદ્યાર્થિનીનું મોડાસા બજારમાંથી અપહરણ

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં મામાના ઘરે રહેતી અને મોડાસાના દેવરાજધામ નજીક આવેલી ન્યૂ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલ ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી અને સ્કૂલની હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીનું ગુરુવારે મોડાસાના શ્યામસુંદર શોપિંગ સેન્ટર નજીકથી અપહરણ થતા ભારે ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસે અપહત્ય વિદ્યાર્થીના મામાની ફરિયાદના આધારે અજાણ્યા શખ્શ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ધનસુરાના જવાહર બજાર મહેતા ભવન, પરબડી ચોકમાં રહેતા અને સુથારીકામ કરતા શંકરલાલ રામધન શર્માની બહેન અને રાજસ્થાનના ઉદેપુરના વલ્લભનગર રહેતી બહેન રૂક્ષ્મણીનું ૨ વર્ષ પહેલા મોત નિપજતા તેમના બંને ભાણેજ અને ભાણીને અભ્યાસ માટે ધનસુરા લઈ આવ્યા હતા અને ભાણી ઝલકને ૨૦૧૫-૨૦૧૬માં વધુ અભ્યાસ માટે મોડાસાની ન્યૂ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૧૧



સાયન્સમાં અભ્યાસ અર્થે મૂકી હતી અને સ્કુલની હોસ્ટેલમાં રહેતી હતી અને અત્યારે ૧૨ સાયન્સમાં અભ્યાસ કરવા માટે ધનસુરા લઈ આવ્યા હતા.

વિદ્યાર્થીનીઓને હોસ્ટેલની ગૃહમાતા ગુરુવારે ખરીદી માટે મોડાસા બજારમાં લઈ ગઈ હતી અને તમામ વિદ્યાર્થીનીઓને શ્યામસુંદર શોપિંગ સેન્ટર પાસે ઉભા રહી ખરીદી માટે ૧ કલાકનો સમય આપવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓની પરત આવી ગઈ હતી પરંતુ ઝલક પાછી ના આવતા ભારે ચકચાર મચી ગઈ હતી અને ભારે શોધખોળ પછી ક્યાંય ઝલક ન મળતા તાત્કાલિક તેના મામાને જાણ કરવામાં આવતા તેમના પરિવાર અને સગા-સંબંધીમાં ચિંતાનું મોજું ફળી વર્યું હતું અને તેમના સગા-સંબંધી અને સંભવિત સ્થળે શોધખોળ કરવા છતાં મળી ના આવતા શંકરલાલ રામધન શર્માની ફરિયાદના આધારે મોડાસા ટાઉન પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે કલમ નં-૩૬૩ તથા પોક્સો એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

## મોડાસાના મરડિયા પાટિયા નજીક કારે બાઈકચાલાકને અડફેટે લેતા ૨ ઈજાગ્રસ્ત

મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગે પર આવેલા મરડિયા પાટિયા નજીક પેટ્રોલ ભરાવી બાઈક ચાલક સુરપુર ગામ તરફ જતા મોડાસા તરફથી આવતી કારે ટક્કર મારતા બાઈકચાલાક સહીત અને બાઈક પાછળ બેઠેલો વ્યક્તિના શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકો ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસા દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. શનિવારે સવારના સુમારે મરડિયા નજીક આવેલા પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવી ગામ તરફ પરત ફરતા સુરપુરના જગતસિંહ દીપસિંહ મકવાણા (ઉં.વર્ષ-૪૫) અને ભૂપતસિંહની બાઈકને મોડાસા તરફથી આવતી બીટ શેવરોલેટ કારના ચાલકે ધડાકાભેર કાર અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ ફોન કરતા અકસ્માત સ્થળે પહોંચી બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી તાબતોડ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા.